સિંચાઈ યોજનાઓના કામોમાં કામની સમય મર્યાદા શકય તેટલી ઓછી રાખવા બાબત

ગુજરાત સરકાર,
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
પરિપત્રક્રમાંકઃ-પરચ/૧૦૯૭/૧૩૯૭/(૧૧)/પા.ફા./ક-૧(એમઆઈસેલ),
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૪/૧/૨૦૧૩

સંદર્ભઃ-સરકારશ્રીનો તા.૧૭-૮-૨૦૦૨ નો પરિપત્ર ક્રમાંકઃ-પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)/(ક-૨)/ક-૧,

પરિપત્ર

ઉપરોકત સરકારશ્રીના સંદંભિત પરિપત્રના પારા-૧.૦ માં કામની અંદાજીત કિંમતને ધ્યાને લઈ કામની સમય-મર્યાદા નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | રૂ. ૧ કરોડ થી ૩ કરોડ | ૧૧ માસ |
| (૨) | રૂ. ૩ કરોડ થી ૧૦ કરોડ | ૧૫ થી ૧૮ માસ |
| (૩) | રૂ. ૧૦ કરોડ થી ૧૫ કરોડ | ૧૮ થી ૨૪ માસ |
| (૪) | રૂ. ૧૫ કરોડ થી ૩૦ કરોડ | ૩૬ માસ |
| (૫) | રૂ. ૩૦ કરોડથી ઉપર | આયોજન અને જરૂરિયાત અનુસાર લઘુત્તમ-૩૬ માસ |

૨. તાજેતરમાં માન. મંત્રીશ્રી (જળસંપત્તિ) ની વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથેની વિભાગના કામોની સમીક્ષા બેઠકમાં કામોની સમય મર્યાદા ૩ થી ૪ વર્ષ રાખવાને બદલે શકય હોય તેટલી ઓછી રાખવા માટે સૂચના અપાયેલ છે. જે અન્વયે જળસંપત્તિ વિભાગમાં ચાલતા કામોમાં કામની સમય-મર્યાદા નકકી કરતી વખતે કામની કિંમત ઉપરાત કામનો પ્રકાર, કાર્યાઆદેશ (Work order) નો સંભવિત માસ એટલે કે કામ કરવા માટેનો ખરેખર ઉપલબ્ધ સમયગાળો, કામગીરીમાં મશીનરી અને આધુનિક ટેકનીકનાં ઉપયોગ વગેરે બાબતો પણ ધ્યાને લઈ શકય તેટલી ઓછી સમય-મર્યાદા નિર્ધારિત કરવાની રહે છે. આથી આ બાબતે તમામ

યાદી ટેન્ડર

કામની સમય-મર્યાદા સુચવતા અધિકારીઓ અને ડ્રાફટ ટેન્ડર પેપર મંજુર કરતા અધિકારીઓને માત્ર નાણાંકીય માપદંડ ધ્યાને ન લેતાં ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઈ કામ માટે જરૂરી ન્યુનતમ સમય-મર્યાદા સુચવવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

( એમ. ડી. પટેલ )
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો.)
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી(જસં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી, રાજયકક્ષા(જસં.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૩) સચિવશ્રી (જસં.)ના અંગત સચિવશ્રી, ન. જ.સં. પા.પુ. અને ક. વિ. સચિવાલય
(૩) સર્વે મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, ન. જ.સં. પા.પુ. અને ક. વિ. સચિવાલય, ગાંધીનગર.
(૪) સર્વે અધિક્ષક ઈજનેરશ્રી,
(૫) સિલેકટ ફાઈલ

યાદી ટેન્ડર